1. વેદો કેટલા છે? કયા કયા?

➢ વૈદિક સાહિત્યમાં વેદો ચાર છે : (1) સર્વેદ, (2) યજુર્વેદ, (3) સામવેદ અને (4) અથર્વવેદ. ઋગવેદ સૌથી પ્રાચીન ગ્રંથ છે, જેનો સમય ઈ. સ. પૂર્વે 1500થી ઈ. સ. પૂર્વે 1000નો માનવામાં આવે છે. ઋગ્વદ માં 1028 સૂક્તો અને 10 મંડલ (પ્રકરણ) છે. ઋગ્વદ માં સપ્તસિંધુ પ્રદેશમાં વસેલા આર્યોની ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકીય સ્થિતિની માહિતી છે. ઋગ્વદ પછીના સમયગાળામાં યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદની રચના થઈ હતી, આ ત્રણેય વેદોમાં મંત્રો, પ્રાર્થનાઓ, અનુષ્ઠાનો અને સાંસારિક બાબતોનો સમાવેશ છે. અથર્વવેદમાંથી વૈદિક યુગની રાજ્યવ્યવસ્થા અને સમાજજીવનની માહિતી મળે છે. આ ઉપરાંત અથર્વવેદમાં જાદુ, વશીકરણ અને મંત્ર-તંત્ર વિદ્યાની માહિતી છે.

2. મહત્ત્વપૂર્ણ બૌદ્ધ ગ્રંથોની ચર્ચા કરો.

➢ પાલિ તથા સંસ્કૃત ભાષામાં લખાયેલું બૌદ્ધ સાહિત્ય ઇતિહાસની કેટલીક માહિતી આપે છે. ત્રિપિટક (સૂત્તપિટક, અભિધમ્મપિટક અને વિનયપિટક) બૌદ્ધ ધર્મના પવિત્ર ગ્રંથો છે. આ ધર્મગ્રંથો ઈ. સ. પૂર્વેની છઠ્ઠી સદીનો ઇતિહાસ જાણવા માટેનું મહત્ત્વનું સાધન છે. સુત્તપિટકમાં ગૌતમ બુદ્ધના પ્રારંભિક જીવનના પ્રસંગોની માહિતી આપવામાં આવી છે. વિનયપિટકમાં બૌદ્ધ સાધુઓ અને સાધ્વીઓ માટેના નિયમો દશાવવામાં આવ્યા છે. અભિધમ્મપિટકમાં બૌદ્ધ ધર્મનું તત્ત્વજ્ઞાન રજૂ કરવામાં આવ્યું છે. આચાર્ય બુદ્ધઘોષ રચિત 'વિનયપિટક'નું ઐતિહાસિક મૂલ્ય ઘણું છે. શ્રીલંકામાંથી મળેલા 'દીપવંશ' અને 'મહાવંશ' ગ્રંથોમાંથી બૌદ્ધ સમયની ઘણી ઐતિહાસિક માહિતી મળે છે. 'જાતક કથાઓ'માંથી બુદ્ધના પૂર્વાવતારોની માહિતી ઉપરાંત તે સમયના સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક જીવનની માહિતી પણ મળે છે. આ ઉપરાંત 'અશોકાવદાન', 'કુણાલાવદાન', 'લલિતવિસ્તાર', 'મિલિન્દપન્હો', 'મંજુ શ્રી મૂળ કલ્પ' જેવા ગ્રંથોમાંથી તે સમયની ઇતિહાસવિષયક માહિતી મળે છે. ત્રિપિટક ઉપર લખાયેલા ટીકાગ્રંથો 'બુદ્ધઘોષ' અને 'ધમ્મપાલ'માંથી સમકાલીન સમયની આધારભૂત માહિતી મળે છે. બૌદ્ધ ધર્મગ્રંથોમાં બૌદ્ધ ધર્મ તરફનો પક્ષપાત જોવા મળે છે.

3. સંગમ સાહિત્ય વિશે ખ્યાલ આપો.

➢ દક્ષિણ ભારતમાં ધર્મેતર સાહિત્ય તરીકે 'સંગમ સાહિત્યને સૌથી શ્રેષ્ઠ સાહિત્ય ગણવામાં આવે છે. 'સંગમ સાહિત્ય'ની રચના તમિલ ભાષામાં અનેક કવિઓ દ્વારા કરવામાં આવી છે. 'સંગમ' એ વિદ્વાન વ્યક્તિઓનો સંઘ હતો. કુલ્લે ત્રણ સંગમો (સભા) મદુરાઈ(વર્તમાનનું તમિલનાડુ રાજ્ય) માં થયા હતા. આ સંગમોમાં રચાયેલા સાહિત્યને 'સંગમ' સાહિત્ય' કહે છે. ત્રણેય સંગમો પાંડવ રાજ્યમાં ઉદ્દભવ્યા હતા અને પાંડ્ય તથા ચોલ રાજાઓએ તેમને ઉત્તેજન આપ્યું હતું. તમિલ શબ્દ 'કુદાલ'ના બદલે બૌદ્ધ અને જૈન લેખકોએ 'સંગમ' શબ્દ પ્રયોજ્યો હતો. તમિલ સાહિત્યમાં 'સંગમ યુગ' સાહિત્યિક પ્રવૃત્તિઓમાં સૌથી સમૃદ્ધ યુગ ગણાય છે. સંગમ સાહિત્યમાં રાજાઓ અને શૂરવીરોની પ્રશસ્તિઓ લાંબા અને ટૂંકા કાવ્યોમાં થયેલી છે. આ કવિતાઓને રાજદરબારોમાં ગાવામાં આવતી હતી. કમનસીબે પહેલા અને બીજા સંગમની બધી જ રચનાઓ અપ્રાપ્ય છે. ત્રીજા સંગમની અમુક કૃતિનો પ્રાપ્ત છે. બીજા સંગમ દરમિયાનની એક જ કૃતિ 'તોલકાપીયમ' (વ્યાકરણનો મહાગ્રંથ) પ્રાપ્ત થઈ છે. તેના લેખક તોલકાપ્પીયમ્ અગત્યનો મુખ્ય શિષ્ય હતો. આ ગ્રંથમાં રાજવંશોનાં નામ,

યુદ્ધો, રિવાજો, ધર્મો વગેરે વિષયોની ચર્ચા છે. ત્રીજા સંગમ દરમિયાનના અનેક ગ્રંથો પ્રાપ્ય છે. તેમાં 'દશ આઈડલ્સ', 'આઠ સંગ્રહ' અને 'અઢાર કાવ્યસંગ્રહો મુખ્ય છે. સંગમ સાહિત્યમાં કવિ તીરુવલ્લુ રચિત 'કુરલ' નામનું કાવ્ય અને ઈલાન્ગો દ્વારા લિખિત 'શીલપદિગારમ' અને 'મણિમેખલાઈ જેવાં મહાકાવ્યો પ્રસિદ્ધ છે. ઈ. સ. પુર્વે 300થી ઈ. સ. 300 સુધીના સમયગાળાના ભારતના રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિવેશને સમજવા માટે 'સંગમ સાહિત્ય' સૌથી શ્રેષ્ઠ માધ્યમ છે. સંગમ સાહિત્ય'માં કરવામાં આવેલાં વર્ણનોને પુરાતત્ત્વશાસ્ત્રીઓ અને વિદેશી પ્રવાસીઓએ સમર્થન આપ્યું છે.

4. સિક્કાનો ઈતિહાસ જાણવાનું અગત્યનું સાધન છે' સમજાવો.

➢ સિક્કાઓ ઈતિહાસ જાણવાનું એક અગત્યનું સાધન ગણાય છે. સિક્કાઓ અવશેષીય સોધનોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સિક્કાઓનો અભ્યાસ કરતા શાસ્ત્રને 'મુદ્રાશાસ્ત્ર' (Nimismatic) કહે છે. મુદ્રાશાસ્ત્ર સિક્કાઓનો સમય, તેના પરની લિપિ, તેને બનાવવામાં વપરાયેલી ધાતુ વગેરેનો અભ્યાસ કરી તે સમયનો ઈતિહાસ જણાવે છે. ભારતના ઘણા વિસ્તારોમાંથી પ્રાચીન યુગના રાજાઓના સૌના, ચાંદી, તાંબા કે અન્ય ધાતુઓના સિક્કા હજારોની સંખ્યામાં મળી આવ્યા છે. આ સિક્કાઓ ઉપરની સાલ જે-તે રાજાનો શાસનકાળ નક્કી કરવા, સિક્કાઓમાં વપરાયેલી ધાતુઓ રાજાની સમૃદ્ધિ જાણવા અને સિક્કાઓ પરની આ કૃતિઓ કલાના સ્વરૂપને જાણવા માટે ઉપયોગી માહિતી પૂરી પાડે છે. જે પ્રદેશમાંથી જે - જે રાજાઓના સિક્કાઓ મળી આવે તે પ્રદેશ એ રાજાની હકૂમત નીચે હશે તેમ નક્કી કરી શકાય છે. ગુપ્ત સમ્રાટોના સિક્કાઓ પરથી તેમની પ્રતિભા તથા શોખ વિશે માહિતી મળે છે. જેમ કે, સમુદ્રગુપ્તનો વીણા વગાડતો સિક્કો તેમની સંગીતપ્રિયતા સૂચવે છે. મિશ્ર ધાતુના સિક્કાઓ એ સામ્રાજ્ય પર આવેલી વિપત્તિના પુરાવા છે. ભારતમાંથી મળી આવેલા સૌથી જૂના સિક્કા પંચમાર્ક સિક્કાઓ'' છે. આ સિક્કાઓ ચાંદી તથા તાંબામાંથી બનાવવામાં આવ્યા હતા. આ સિક્કાઓનો સમયગાળો ઈ. સ. પૂર્વેની પાંચમી સદીનો ગણાય છે. આ સિક્કાઓ અલગ અલગ આકારના હતા. વિદેશમાંથી મળી આવેલા સિક્કાઓ વિદેશ વેપારની સાક્ષી પૂરે છે. આમ, પ્રાચીન ભારતીય ઈતિહાસના સંશોધનમાં તથા આલેખનમાં સિક્કાઓએ ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે.

5. ભારતમાંથી મળી આવેલાં સ્મારકો જણાવો.

➢ ભારતમાંથી મળી આવેલાં સ્મારકો અને ભવનો પ્રાચીન ભારતના ઈતિહાસના આલેખનમાં ઉપયોગી માહિતી પૂરી પાડે છે. રાજાઓના મહેલો, સામાન્ય નાગરિકોના રહેઠાણો, મંદિરો વગેરે સ્મારકો અને સ્થાપત્યોમાંથી જે-તે સમયમાં વાસ્તુ કલાનો કેવો વિકાસ થયો હતો તે જાણવા મળે છે. ઉત્તર ભારતમાં આવેલાં નાગરશૈલીનાં મંદિરો, દક્ષિણ ભારતમાં આવેલાં દ્રવિડશેલીનાં મંદિરો, દખણના પ્રદેશમાં આવેલાં બેસર શૈલીનાં મંદિરો વગેરે પ્રાચીન કાળની વાસ્તુકલાના અને મંદિર સ્થાપત્યશૈલીના મહત્ત્વપૂર્ણ સ્મારકો છે. સ્તૂપો, ચૈત્યો, વિહારો, મંદિરો વગેરે ભારત સહિત દક્ષિણ-પૂર્વ એશિયા અને મધ્ય એશિયાના પ્રદેશો સુધી જોવા મળે છે, જે ભારતીય સંસ્કૃતિના પ્રચાર અને પ્રસારની માહિતી આપે છે. ઈસવી સનની નવમી સદી માં જાવામાં બાંધવામાં આવેલ 'બોરો બુદર'નું મંદિર ભારતીય સંસ્કૃતિનો મહત્ત્વનો પુરાવો છે.

6. ભારતીય ઈતિહાસનું વિષયવસ્તુ જણાવો.

➢ ભારતીય ઈતિહાસના વિષયવસ્તુ માં વિધ્યાર્થી માં અતીતના જ્ઞાન માટે જાગૃતિ આવે અને પોતાના રાષ્ટ્રના પ્રાચીન સમાજ, ધર્મ, રાજ્ય, સંસ્કૃતિ વગેરેનાં વિશિષ્ટ તત્ત્વોને આત્મસાત કરી શકે તેવી બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. પાષાણયુગથી શરૂ કરીને 21મી સદી સુધીના ભારતની તારીખવારની માહિતી અને તેની સાથે જોડાયેલા કાર્યકારણના સંબંધો એ ભારતના ઈતિહાસનું વિષયવસ્તુ છે. આધુનિક ઈતિહાસમાં માત્ર મોટી ઘટનાઓ જ નહિ, પરંતુ કેટલીક નાની ઘટનાઓ પણ ઈતિહાસને બદલવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. નાની અને મોટી તમામ ઘટનાઓને દર્શાવવી એ ઈતિહાસકારનું મૂલ્યવાન સર્જન છે. ઈતિહાસના વિષયવસ્તુમાં કલા, સ્થાપત્ય, ધર્મ, વર્ણ, જ્ઞાતિ, રાજયવ્યવસ્થા , અર્થવ્યવસ્થો, વેપાર અને વાણિજ્ય, આચાર-વિચાર અને તેને લગતી વિચારસરણીઓનો સમાવેશ થાય છે.

7. મહત્ત્વપૂર્ણ જૈન ગ્રંથોની માહિતી આપો.

➢ જેન ધર્મના સાહિત્યમાંથી પ્રાચીન ભારતના ઈતિહાસ અંગેની માહિતી મળે છે. જૈન ધર્મના ગ્રંથો અર્ધમાગધી અને સંસ્કૃત ભાષામાં લખાયેલા છે. તેમાં પરિશિષ્ટ પર્વ, ભદ્રબાહુ ચરિત્ર, 45 આગમો, કલ્પસૂત્ર, સ્થવિરાવલિ, છ આવશ્યક સૂત્રો, ભગવતી સૂત્ર, કથા કોષ, આરાધના કોષ, ત્રિલોક પ્રજ્ઞપ્તિ વગેરે મુખ્ય ગ્રંથો છે. જે પૈકી ‘કલ્પસૂત્ર’ અને ‘45 આગમો’ પવિત્ર ગ્રંથો ગણાય છે. ‘પર્યુષણ પર્વ’ સમયે તેનું વાચન અને પૂજન-અર્ચન કરવામાં આવે છે. જૈન ધર્મના ‘આગમ ગ્રંથોમાંથી ઐતિહાસિક સામગ્રી મળે છે. આ સાહિત્યિક સામગ્રીના આધારે 16 મહાજનપદો અને મૌર્યયુગની રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક માહિતી પ્રાપ્ત થાય છે.

8. મહત્ત્વપૂર્ણ સંસ્કૃત ભાષાના ગ્રંથોની માહિતી આપો.

➢ પ્રાચીન ભારતના વિદ્વાનો અને સાહિત્યકારોએ લખેલા ગ્રંથો ઐતિહાસિક માહિતી પૂરી પાડે છે. કૌટિલ્યનું ‘અર્થશાસ્ત્ર’ મૌર્યયુગની અને ‘દેવીચંદ્રગુપ્તમ્’ ગુપ્તયુગની માહિતી આપે છે. કવિ બાણભટ્ટનું હર્ષચરિત’, અશ્વઘોષનું ‘બુદ્ધચરિતમ્’ અને ‘સારિપુત્ર પ્રકરણ’ તથા કવિ કલ્હણનું ‘રાજતરંગિણી’ (કશ્મીરનો ઈતિહાસ) જેવા ગ્રંથો પ્રાચીન ભારતના ઈતિહાસની મહત્ત્વની માહિતી પૂરી પાડે છે. ભાસ, કાલિદાસ અને વિશાખદત્ત વગેરે લેખકોએ તે સમયની સામાજિક, આર્થિક, ધાર્મિક, વહીવટી અને લશ્કરી બાબતોને લગતી માહિતી આપી છે. પ્રાચીન સમયમાં નીતિમત્તા અને પ્રામાણિકતાનું ધોરણ ખૂબ ઊંચું હતું. કામંદકનું ‘નીતિસાર’, વિષ્ણુશર્માનાં ‘પંચતંત્ર’ અને ‘હિતોપદેશ’, પાણિનિનું ‘અષ્ટાધ્યાયી’, પતંજલિનું ’મહાભાષ્ય’ અને ’ગાર્ગી- સંહિતા’ વગેરે ગ્રંથોમાં પણ પોતાના સમયના ઈતિહાસની માહિતી સંગૃહીત છે.

9.પ્રાચીન સમયમાં મહાકાવ્યોની માહિતી આપો.

➢ વેદયુગ પછીના (અનુવૈદિક) સત્યનો આર્યોનો ઈતિહાસ જાણવા માટે ‘રામાયણ’ અને ’મહાભારત’ આ બે મહાકાવ્યો અતિ મહત્ત્વનાં આધારભૂત સાધનો ગણાય છે. આ બે મહા કાવ્યો ભારતની ‘રાષ્ટ્રીય સંપત્તિ’ છે. ‘રામાયણ’ આર્યોની ઉત્તરમાંથી દક્ષિણ તરફની વિજય કચનું નિરૂપણ કરે છે. તે સાથે તેમાં આર્ય અને અનાર્ય

સંસ્કૃતિઓના સંઘર્ષનું (રામ-રાવણે યુદ્ધ) તથા તે બંને સંસ્કૃતિઓના સંમિલનનું પણ નિરૂપણ થયેલું છે. મહાભારતમાં આર્યાવર્તનો તથા તેના પ્રતાપી રાજાઓના સંઘર્ષનો ઇતિહાસ છે. તેમાંથી તે સમયના આર્યોની સામાજિક અને ધાર્મિક સ્થિતિ વિશે તથા શ્રીકૃષ્ણ યુદ્ધભૂમિ પર અર્જુનને 'શ્રીમદ્ ભગવદગીતા' રૂપે આપેલા ઉપદેશ જેવા દાર્શનિક ચિતન વિશેની પણ મહત્ત્વની માહિતી મળે છે.

9. લેખિત સાધન તરીકે ધર્મેતર સાહિત્યની સમજૂતી આપો.

➢ ધર્મેતર સાહિત્યમાં સ્મૃતિગ્રંથો, સંહિતાઓ, નાટકો અને ઇતિહાસગ્રંથોનો સમાવેશ થાય છે. ધર્મેતર સાહિત્યમાં 'મનુસ્મૃતિ' અગત્યનું સાહિત્ય છે. જે પ્રાચીન ભારતનો પ્રથમ કાયદાસંગ્રહ મનાય છે. કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર' મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. જેમાં મોર્યયુગની ભારતીય રાજનૈતિક વ્યવસ્થા, અર્થવ્યવસ્થા અને રાજ્યના સ્વરૂપની માહિતી આપે છે. પાણિનિએ રચેલ 'અષ્ટાધ્યાયી' સંસ્કૃત વ્યાકરણનો સૌથી પ્રાચીન અને પ્રથમ મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. જેની રચના ઈ. સ. પૂર્વેની છઠ્ઠી- પાંચમી સદીમાં થઈ હોવાનું વિદ્વાનો માને છે. 'દિઘનિકાય', 'અંગુત્તરનિકાય' અને 'મસ્જિમનિકાય' એ મહત્ત્વપૂર્ણ બૌદ્ધગ્રંથો છે. આ બૌદ્ધગ્રંથોમાં રાજ્યની સ્થાપનાનો ઇતિહાસ અને તત્કાલીન સામાજિક પરિસ્થિતિની માહિતી છે. સાહિત્યિક કૃતિઓમાં મહાન સાહિત્યકાર કાલિદાસના સંસ્કૃત નાટકો સૌથી વધુ પ્રસિદ્ધ છે. તેમણે રચેલ અભિજ્ઞાનશાકુન્તલમ્, 'મેઘદૂત' અને 'ઋતુસંહાર'માંથી ગુપ્તયુગની ભારતની સામાજિક પરિસ્થિતિની માહિતી પ્રાપ્ત થાય છે. મહાકવિ ભાસ અને શુદ્રકે રચેલાં નાટકોમાં પણ ઐતિહાસિક માહિતી પૂરી પાડે છે. ઇતિહાસગ્રંથ તરીકે 12મી સદીમાં રચાયેલ 'રાજતરંગિણી' મહત્ત્વપુર્ણ ગ્રંથ છે. તેની રચના કશ્મીર ના રાજ કવિ કલહણે કરી હતી. આ ગ્રંથ માં કશ્મીરનો ઇતિહાસ આધુનિક ઇતિહાસ પ્રમાણે લખવામાં આવ્યો છે. પ્રાચીન સમયનો ઇતિહાસનો આ શ્રેષ્ઠ ગ્રંથ છે. સમાટે હર્ષના રાજકવિ બાણભટ્ટે લખેલ 'હર્ષચરિત' એ ઇતિહાસનો અગત્યનો ગ્રંથ મનાય છે .